3/-

# શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૬ • અંક-૩૨૪ • સળંગ અંક - ૨૩૨૪ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે

'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'

www.kutchipatrika.org

સૂર્યોદય - ૦૭.૧૩.૫૧

સંવત - ૨૦૮૨

મહા વદ-૦૨, મંગળવાર

તા. ૦૩-૦૨-૨૦૨૬

સૂર્યાસ્ત - ૦૬.૩૧.૦૯



**ભોજાય** હાલે સાંગલીના **સુરેશ ગણશી ગાલા** (ઉ.વ. ૬૫) તા. ૩૧/૧/૨૬ના ભુજ મધે અવસાન પામેલ છે. મમીબાઈ રવજીના પૌત્ર. ખેતબાઈ ગણશીના પુત્ર. મીનાબેનના પતિ. સમીર પુજાના પિતાશ્રી. ભક્તિ, ત્રગડી વિરેનના સસરા. નિશી, માહિના દાદા. મિષ્ટીના નાના. સ્વ. આણંદજી સ્વ. વલ્લભજી વિઢ સુંદરબેન ગોવિંદજી, હાલાપર લક્ષ્મીબેન કુંવરજી, મો. રતડીયા વિજયાબેન મણીલાલ, ભોજાય મણીબેન ખુશાલચંદના ભાઈ. પુષ્પાબેન, નવલબેનના દેર. ભોજાય વિરજી, મોરારજી, સંસારપક્ષે પૂ. મયાકુંવરબાઈ મ.સા. મુલબાઈ ડુંગરશીના ભત્રીજા. પ્રફુલ, નિલેશ, મીના, ગીતા, સ્વ. નીતાના કાકા. પ્રેમિલા, મનીષા, જેઠાલાલ મેઘજી, નિલેશ ચુનીલાલના કા. સસરા. વીઢના સ્વ. પાનબાઈ ડુંગરશીના દોહિત્ર. ડુમરા મેઘબાઈ હીરજીના પૌત્રીવર. મુલબાઈ મુરજી હરિયાના જમાઈ. કાંતીલાલ, નિતિન, સ્વ. હસમુખ, લતા (મીના)ના બનેવી. દમયંતી, નીતાના નણંદોઈ. ભોજાય, જય પ્રકારના સાઢુ. અમીત, અંકિત, નીપા ચંદ્રેશ, કીર્તીકા સંજય, ચાર્મી પ્રતિકના ફુઆ. માનસી, મૈત્રીના ફુઆઈ સસરા. સાભરાઈ ગોરબાઈ નાગજીના દોહિત્રી વર. શેરડી ગોરબાઈ (ભારતી) ગાંગજી, ત્રગડી હીનાબેન ડુંગરશીના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે.** સમીર ગાલા, બી ૫૩૮ ગિરનાર કોમ્પલેક્ષ સાંગલી. ૯૩૨૫૦૧૫૫૫૮ / ૯૩૭૦૬૪૨૩૭૧.

2/1/1 --------- (1-1)



**નવીનાળના રસીક ગણશી પ્રેમજી વોરા** (ઉ.વ. ૭૫) તા. ૩૦-૧-૨૦૨૬ના હાર્ટફેઈલથી અવસાન પામ્યા છે. વેલબાઈ ગણશી પ્રેમજી વોરાના પુત્ર. પાંચીબાઈ સુરાના દોહિત્ર, મુરબાઈ મૂળજી ઉમરશી ગડાના દોહિત્રીવર. મેઘબાઈ ભારમલ વજપારના પૌત્રીવર. પ્રભાવતીના પતિ. પ્રીતિ, જ્યોતિ, અમિતના પિતા. ઉદય, અંકુર, ભાવિકા ના સસરા, હર્ષ, સમિક્ના નાના. વીનોદ, કિર્તી, રમણીક, કસ્તુર, જસવંતીના ભાઈ. કાંતા ના દેર. હેમલતા, ભારતીના જેઠ. સમાઘોઘાના રાઘવજી પુનસી, સાડાઉના લાલજી વાલજીના સાલ. ભુજપુરના લક્ષ્મીબેન ધારશી ભારમલ દેઢિયા ના જમાઈ. હરિલાલ, શિવજી, મહેન્દ્ર વેલબાઈ, ભાનુબેન, હેમલતા, કંચનના બનેવી, વસનજી વીરા, રામચંદ્ર પાટીલ, રાઘવજી વીરા, ખીમજી છેડાના સાઢુ. કસ્તૂર, નયના, ઈંદીરાના નણદોઈ. વાંકીના રશ્મીનબેન પોપટલાલ, કાનપૂરના મમતાબેન રામપાલ, મોટા આસંબિયાના સંગીતાબેન ગુલાબના વેવાઈ. **પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નિસર હોલ, દાદર (વે),. ટા. ૨ થી ૩.૩૦.** નિ. પ્રભાવતી રસિક વોરા, ૧૦૩, વંદના બિલ્ડિંગ, દહાણુકર વાડી, કાંદિવલી - ૪૦૦૦૬૭. સંપર્ક: અમિત વોરા ૯૮૧૯૦૧૯૨૮૫, ઉદય ગાલા -૮૧૬૯૭૨૩૮૫૭.

4/1/1 --------- (1-2)



**ડુમરાના ભાનુબેન ધનજી લાલન** (ઉ.વ. ૭૫) તા. ૧-૨-૨૦૨૬ના રોજ અવસાન પામેલ છે. ધનજી જેઠાભાઈના ધર્મપત્ની. સુશીલા ગોવિંદજીના દેરાણી. મુલચંદ, પિયુષના કાકી. પ્રતિમા ના કાકી સાસુ. ડુમરાના માવજી, દેવકાંબેન, હીરજી અને ખીમજીના ભાણેજ વહુ. વિઢના લક્ષ્મીબેન કુંવરજી નાગડાની સુપુત્રી, દેવપુરના જયાબેન રમેશ, વિઢના ભારતી કિશોર, પુનડીના મધુ કાન્તી, રાજકોટના રમીલા અનીલ ના બહેન. રાજુના માતૃતુલ્ય. ડુમરાના ભાણજી નરશી કારાણીના દોહીત્રી. વિઢના લક્ષ્મીબેન મગનલાલના ભત્રીજી. ગોધરાના હંસા પ્રદિપ, કપાયાના પુષ્પા કમલેશના કાકાણ બેન. વિઢના વલ્લભજી, નાગજી, પ્રેમજી માણેક, દેઢિયાના જયાબેન ભોજરાજ, સાભરાઈના વાલબાઈ સુંદરજીના ભત્રીજી. ડુમરાના વશનજી, ખીમજી, કલ્યાણજીની ભાણેજી. **પ્રાર્થના રાખેલ નથી.** નિવાસ : ધનજી લાલન, એ-૭, સમ્રાટ, વી.પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. પ્રતિમા-૯૮૩૩૧૧૧૬૧૯, રમીલા (બબલી)-૯૮૪૧૦૩૭૪૭૭.

4/1/1 --------- (1-3)



**મોખાના ચંદ્રકાંત નાનજી ભેદા** (ઉ.વ.૭૬) તા. ૩૧-૧-૨૬ ના અનશનવ્રત ના ૧લા ઉપવાસે સમાધિપૂર્વક દેવલોક ગમન કરેલ છે. વેલબાઈ કોરશી વીરપારના પૌત્ર. વિમળાબેન નાનજી ના સુપુત્ર. વર્ષાબેન (વેલબાઈ)ના પતિ. પ્રીતી, ડો. હેમલના પિતા. મોખાના ધીરેન (મોન્ટુ), પંક્તિના સસરા. નાવ્યા ના દાદા. વ્રિષ્ટી, પનય, પાર્શ્વીના નાના. સી.એ. ડો. વસંત ભેદા, ઉર્મિલા, છસરા ના મંજુલા/જયાના ભાઈ. તુષાર મેઘજી વોરા ના સાળા. ફાલનાના ત્રિશલા અંકિત શાહ, સાડાઉ કોમલ ભાવિક વીરા, પ્રેમના મામા. ખુશ્બુ ના મામાઈ સસરા. બેરાજા લાછબાઈ પાલણ મામણિયાના જમાઈ. ગુંદાલા કરમશી ધારશી સતરાના દોહિત્ર. ગેલડા ભચીબાઈ જેઠા ભેદા ના દોહિત્રીવર, મોખા અમૃતબેન પ્રેમજી વિસરીયા, ડુમરા મંજુલા ધીરજ ગાલા ના વેવાઈ. મોખા વનિતા નાગજી ના ભત્રીજા. ભરત, તરલા, મેરાવા નીના હિતેન ના કાકાઈ ભાઈ. નમિતાના કાકાઈ જેઠ. ગુંદાલા દામજી, નાનજી, જાદવજી, વેજબાઈ, વડાલા રતનબેન જાદવજી, ટોડા રૂક્ષ્મણી કાનજીના ભાણેજ. બેરાજા લાલજી (બાબુભાઈ), વસનજી, પ્રવિણ, જયંતિ, કાંડાગરા લક્ષ્મીબેન પોપટલાલ, ડેપા જયા (જેતબાઈ) પ્રેમજીના બનેવી. **ગુણાનુવાદ સભા રાખેલ નથી.** સદગતના આત્મ શ્રેયાર્થે બાર નવકાર ગણવા. ડો. હેમલ ભેદા, ૫૦૩, મિથિલા, નીલકંઠ કિંગડમ, વિદ્યાવિહાર (વે) મુંબઈ-૮૬. મો. ૯૮૨૦૫૬૨૬૭૫.

4/1/1 --------- (1-4)



**રતાડીયા ગણેશના જયંતિલાલ કલ્યાણજી ભગત** (ઉ. ૭૭) તા. ૩૧-૧-૨૬ ના અવસાન પામેલ છે. ઉમરબાઈ ગંગાજર વિરજી ભગતના પૌત્ર. મણીબેન કલ્યાણજીના પુત્ર. કંચનબેન ના પતિ. દિપેશ, પ્રતિમા, તનુજા, પ્રિનલના પિતાશ્રી. મીતા, ઉનડોઠના ચંદ્રેશ ખુશાલના સસરા. રૂદ્રના દાદા. યશ, જૈની, યતી ના નાના. કુંજલતા વિનોદના જેઠ. સ્વ. સુરેશ, ભારાપુરના વંદના રમેશ ના ભાઈ. હીરબાઈ પદમશી, અમરતબેન લાલજી, પત્રીના લક્ષ્મીબેન હંસરાજ, લુણીના ઊમરબાઈ રતનશીના ભત્રીજા. લુણીના વસનજી વજપાર છેડા, પ્રેમીલા દેવચંદ, ઉર્મિલા જાદવજી, સાડાઉના ઊમરબાઈ હીરજી, ભુજપુરના કાંતા મણશીના ભાણેજ. વડાલાના વેલબાઈ ઊમરશી પુંજાના જમાઈ. સ્વ. ચંદનબેન ધીરજ, જ્યોત્સના રમણીકલાલ, વડાલા સ્વ. ઝવેરબેન જાદવજી નિસર, દેશલપર ના દીપા અમરતલાલ, મોટી ખાખરના ચંદા વિરેનના બનેવી. કોડાયના લક્ષ્મીબેન ઝવેરીલાલ લાલન, ઊનડોઠના ચંચલબેન ખુશાલ વોરાના વેવાઈ. **પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (વે) ટા. ૩ થી ૪.૩૦ (રસ્તાનું કામ ચાલુ છે)** નિ. જયંતિલાલ ગાલા, પંકજ મેન્શન, એ-વિંગ, ફ્લેટ નં. ૪૯/૫૦, ૯ મે માળે, ડો. એની બેસન્ટ રોડ, વરલી, મું. ૧૮. તનુજા - ૯૮૩૩૬૯૬૦૯૬.

4/1/1 --------- (1-5)



**કપાયાના માતુશ્રી મંજુલા માવજી સંગોઈ** (ઉ.વ. ૮૭) તા. ૩૧/૧/૨૬ના ટૂંકી માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. માવજીના ધર્મપત્ની. કુંવરબેન જેઠા મુરજીના પુત્રવધુ. પ્રિતી, પ્રજ્ઞા, હિતેશના મમ્મી. બાડાના પંકજ નેમચંદ, વંદના ના સાસુ. ચાર્મીના દાદી. હર્ષિલના નાની. પ્રિયલના નાની સાસુ. માનવના મોટા નાની. કપાયાના ખીમજી જેઠાના ભાભી. ઉષાના જેઠાણી. નાગલપુરના લક્ષ્મીબેન ખીમજી ખીયશી સાવલાના પુત્રી. હીરાલાલ, જયંતીલાલ, ચુનીલાલના બેન. કેસર, કુસુમ, જ્યોતીના નણંદ. બાડાના ઝવેરબેન નેમચંદ વિકમાણી ડેપાના જયાબેન ખીમજી સાવલાના વેવાણ. બીજી પેઢી શીવગંજના મધુબેન સુભાષ સોલંકીના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. પ્રજ્ઞા સંગોઈ, ૨૦૧/ રાખી એપાર્ટમેન્ટ, તીલક રોડ, ડોમ્બીવલી (ઈ) ૪૨૧૨૦૧. પ્રજ્ઞા : ૯૮૨૦૯૮૯૨૯૦, હિતેશ : ૯૭૦૨૦૯૫૩૫૩.

2/1/1 --------- (1-6)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**સહિયારા- થાણા-માતુશ્રી ગોમતીબેન રતનશી છેડા નેત્ર બેંક ૯૩૨૦૬૧૧૯૧૯, ૨૫૩૪૧૯૧૯**

## શૈક્ષણિક

### શિક્ષણ : જિંદગીના પડકારોનો એક સચોટ ઉપાય – સોનગઢ રત્નાશ્રમ

આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં સમય સાથે બાળક પણ સ્માર્ટ બનતો જાય છે. ત્યારે તેને મદદરૂપ થવા માટે શિક્ષકે પણ સ્માર્ટ બનવું પડે ગઈ કાલની તાલીમી ડિગ્રીઓ આજે એક્સપાયરી ડેટ થઈ જાય છે અને તેને સમય સાથે તાલ મિલાવવા માટે અપગ્રેડ થવું પડે, શિક્ષણ એ પરિવર્તનનો પારિવ્રાજક હોય શિક્ષણના નવા પ્રવાહથી માહિતગાર બની રહેતા. ગામ – માપર- ખાર-વે.ના માતુશ્રી લક્ષ્મીબેન મગનલાલ જાગાણી હસ્તે શ્રી નયનભાઈ મગનલાલ જાગાણી એ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નું અનુદાન આપી પૂણ્યોદયે મળેલ લક્ષ્મીને વિદ્યાદાન આપી એક સુંદર કાર્ય કર્યું. અને ભવિષ્યમાં આવા સુંદર કાર્યો કરતા રહો એવી રત્નાશ્રમ પરિવારની શુભભાવના. લિ. CA રૂષભ મનોજ સાવલા – ભૂ.વિ. મંડળ સભ્યો-વાંકી- 9004463757.

2/1/1(13) -------- (A-20795)(1-7)

### ગામ – લાયજાના સ્વ. શ્રી અશ્વીનભાઈ ગડાને ભાવભીની શ્રધ્ધાંજલી સોનગઢ રત્નાશ્રમ

આકાશમાંથી ખરતા તારાને તો જોયો જ હશે. તારો ખરે છે ત્યારે પાછળ તેજનો લીસોટો છવાઈ જાય છે. આપણે પણ જીવનમાં બહું મહાન પદ ભલેને પ્રાપ્ત ન કરી શકીએ પણ આપણા સમાજમાં, મિત્રવર્તુળમાં, નાના એવા સમુહોમાં કે પરિવારજનોમાં આપણી પાછળ એવો તેજ નો લીસોટો છોડતા જઈએ એવી ભાવના જ જીવનને ધન્ય બનાવી દે છે. ગામ : લાયજા – ઘાટકોપરના સ્વ. શ્રી અશ્વીન ખીમજી ગડાની તા. ૩/૨/૨૦૨૬ના રોજ ૨૨મી પુણ્યતિથી નિમિત્તે હસ્તે પૌત્ર – દેવર્ષ સચીન અશ્વીન ગડાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી જ્યાં રત્નાશ્રમના બાળકો ભણતર સાથે ઘડતરના પાઠ લઈ રહ્યા છે. લિ. મયુર રમેશ સાવલા – કારોબારી સભ્ય – ગુંદાલા 9987504050.

2/1/1(29) -------- (A-20796)(1-8)

### (JYF) જૈન યુથ ફોરમ
### સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે ઝાડ પરથી ફુલ, ફળ, પાંદડા તોડવા નહીં. (વનસ્પતિકાયની દયા પાળવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(19) -------- (A-20808)(1-9)

# જીવદયા અનુદાન

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૧૫૫૦/- સ્વ. વનિતાબેન જયંતીલાલ ભેદાની ૪થી પુ.તિ.નિ. હ. જયંતીલાલ વેરશી ભેદા : મલાડ-કપાયા, ૧૫૫૦/- ઓસાકા ફર્નિશીંગ્સ-વિલેપાર્લે, ૧૫૦૦/- મારૂ - માલાડ, ૧૨૩૦/- જીગર નીલકુમાર સોની-મલાડ, ૧૫૦૦/- ભગવાનભાઈ બાબુલાલ જૈન-સાંતાક્રુઝ, ૧૧૧૧/- ચિ. ઝીલ કપીલ ગડાના જ.દિ.નિ. : મલાડ-ગુંદાલા હ. જૈન ફુડસ, ૧૧૦૦/- આમાસ હૉટેલ હ. મંજુનાથ નાગાં : મલાડ-મેંગલોર, ૧૧૦૦/- તેજરાજ હીંમતલાલ જૈન હ. કૈલાસ પ્લાસ્ટીક : મલાડ-ચાંદરાઈ, ૧૧૦૦/- નરેન્દ્રસિંહ દેસરજી કલુભા જાડેજા બાપુ ઈન્ટરનેટ : મલાડ-કુંદરોડી, ૧૧૦૦/- રસીકભાઈ રામજી વીરજી વોરા : મલાડ-રતાડીયા ગણેશવાલા. લિ. હીરેન લક્ષ્મીચંદ વીરા-ભુજપુર, હેમલ મોતીલાલ શાહ-લાયજા.

● જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બૉરીવલી-ગેલડા.

4/1/1(20) -------- (A-20807)(2-1)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૫૬૦૦/- સ્વ. પિતાશ્રી મોરારજી લાલજી નાગડાની ૧૯ મી પુ.તિ. નિમિત્તે સ્વ. નાનીશ્રી જેઠીબાઈ કુંવરજી છાડવાના આત્મા સ્મરણાર્થે, ૩૫૦૦/- માતુશ્રી શાંતાબેન વલ્લભજી ગાલા હ. અજંતા ટ્રાન્સપોર્ટ કંપની : મલાડ-પ્રાગપુર, ૩૫૦૦/- નીતીનભાઈ સુકનરાજ ગુંદેચા : મલાડ-પાલી, ૨૬૦૦/- દિનેશ ટેલર હ. દિનેશભાઈ વશ્રામભાઈ જેઠવા : જોગેશ્વરી-કોડીનાર, ૨૫૦૦/- કાનારામ સોમારામ માલીહ : રૂદ્ર ટેક્સટાઈલ્સ : મલાડ-સુમેરપુર, ૨૫૦૦/- ડૉ. ધીરેન ભાણજી ગડા : મલાડ-પત્રી, ૨૩૯૦/- યતીન જ્યોતિ ગીરીશ ભવાનજી દેઢીયા : મલાડ-પ્રાગપુર, ૨૨૦૦/- ભાવેશ નાનજી ધરોડ : વિનસ ડીઝાઈનર લાઉન્જ: મલાડ-પત્રી. લિ. વિપુલ વિશનજી નાગડા-લઠેડી, બીપીન મોરારજી દેઢીયા-તલવાણા.

● જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બૉરીવલી-ગેલડા.

4/1/1(21) -------- (A-20806)(2-2)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫**

દાનપેટીમાંથી પ્રાપ્ત થયેલ અનુદાન. ૨૪૦૦/- સ્વીસ ટાઈમ - અંધેરી-ગોધરા, ૨૧૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન ઉમરશી સાવલા હ. મોર્ડન ડ્રાયફ્રુટ નિરંજન સાવલા મલાડ : રામાણીયા, ૨૦૦૦/- માતુશ્રી કેસરબેન નાનજી હરીયા હ. વેલકમ સ્ટોર્સ : ગોરગામ-વરંડી મોટી, ૨૦૦૦/- ન્યુ સીટી સેન્ટર રામલાલ પકા રામજી ચૌધરી : જોગેશ્વરી-નાડોલ, ૨૦૦૦/- અશોકકુમાર ભવાનજી રાજગોર : નારાયણ સ્ટેશનરી - જોગેશ્વરી-બાંગ, ૧૮૦૦/- રાજુભાઈ જીવરામ દેવાંશી : જય આશાપુરા સ્ટોર્સ : મલાડ-સાદડી, ૧૬૭૦/- નવીનભાઈ સામળજી લાખાણી હ. પરફેક્ટ સીલાઈ મશીન : મલાડ-સાંવરકુંડલા, ૧૬૫૦/- આંબાલાલભાઈ અમરજી લોહાર : મલાડ-રાજસમંદ. લિ. જીતેન્દ્ર ગાંગજી વોરા-નારણપુર, પંકજ માવજી વોરા-મુંદ્રા.

● જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બૉરીવલી-ગેલડા.

4/1/1(22) -------- (A-20805)(2-3)

**''શ્રી ગઢસીસા પાંજરાપોળ''**

સ્થાનિકે આવેલ ઘાસચારાનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન. (૧) શ્રી બાલાજી ગ્રુપ મેરાઉ ભૂતડી પાન ૨૦૩ મણ (૨) નર નારાયણદેવ યુવક મંડળ રામપર જુનાવાસ મકાઈ ૧૪૩ મણ (૩) મૂળજીભાઈ જાદવા કેરાઈ રામપર વેકરા મકાઈ ૧૪૯ મણ (૪) શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હસ્તે કરશનભાઈ નારાયણભાઈ છભાડીયા તથા વીરબાઈ કરસન છભાડીયા હસ્તે માવજીભાઈ છભાડીયા મકાઈ ૧૪૭ મણ (૫) શુભ ટેલિકોમ મેરાવ જુવાર ૧૨૦ મણ (૬) ગં.સ્વ. વીરબાઈ કરસનભાઈ છભાડીયા પિયાવા ભૂતડી પાન ૧૧૮ મણ (૭) દિમીબેન બાબુલાલ મંગલદાસ મોટા પિયાવા મસ્કા ચારિયો ૧૦૨ મણ (૮) અનિ પરબત હરજી કાબરીયા ગોડપર જુવાર ૧૩૧ મણ (૯) ફયુલ વે પ્રાઈવેટ લિમિટેડ વેકરા ઘાસ ૮૯ મણ (૧૦) નર નારાયણદેવ યુવક મંડળ રામપરવેકરા મકાઈ ૯૭ મણ (૧૧) કરસનભાઈ હીરજીભાઈ કેરાઈ રામપર વેકરા જુવાર ૭૦ મણ (૧૨) જોષી હિંમતભાઈ મનજી ના સુપુત્ર રાહુલ ના સ્મરણાર્થે ગઢસીસા નેપિયર ઘાસ ૨૦ મણ (૧૩) જોષી સ્મિતભાઈ મનજી ના સુપુત્ર રાહુલના સ્મરણાર્થે ગઢસીસા નેપિયર ઘાસ ૪૯૦ કિલો (૧૪) કેશવલાલ પાચાણી ગઢસીસા નેપિયર ઘાસ ૨૧ મણ (૧૫) કુંવરબેન મનજીભાઈ ભગત ગઢસીસા ભૂતડી પાન ૧૩ મણ ઉપરોક્ત દાતાઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લી. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ સ્થાનિક : ૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ : ૭૬૬૬૧૨૨૨૧૮.

2/1/1(24) -------- (A-20803)(2-4)

**'શ્રી ગઢસીસા પાંજરાપોળ'**

''વાર્ષિક નીરણ યોજના - (પ્રતિ ગાડી નકરો રૂપિયા ૪૧૦૦/-) નિમિતે આવેલ રોકડનું દાન'' આપશ્રીનું દાન, અબોલ જીવોને અભયદાન (૧) રૂ. ૮૨૦૦/- કચ્છ ગામ ગઢસીસા હાલે મુલુંડ ના શ્રીમતી રાજુલબેન અને જયંત પદમશી શાહ (જે.પી) ની તા ૧૫/૧૨/૨૦૨૫ ના ૪૬ મી લગ્ન તિથિ નિમિત્તે (૨) રૂ. ૮૨૦૦/- કચ્છ ગામ ગઢસીસાના શ્રી કેશવજી ધારશી દેઢીયાની તા ૨૫/૦૧/૨૦૨૬ ના પુણ્યતિથિ નિમિત્તે હસ્તે કસ્તુરબેન કેશવજી દેઢિયા તરફથી (૩) રૂ. ૪૧૦૦/- કચ્છ ગામ ગઢસીસા હાલે ડોમ્બિવલીના ગિતેશ મુરજી પદમશી ના સુપુત્ર આકાશ અને રિયા ના લગ્ન પ્રસંગે હસ્તે માતુશ્રી નવલબેન મુરજી પદમશી વિસરિયા પરીવાર તરફથી (૪) રૂ. ૪૧૦૦/- કચ્છ ગામ ગઢસીસાના સ્વ જયેશ લખમીચંદ હીરજી ગડા ની સાતમી પુણ્યતીથી નીમીતે (૫) રૂ. ૪૧૦૦/- કચ્છ ગામ ગઢસીસાના માતુશ્રી ખેતબાઈ ખીમજી માણેક દેઢીયાની તા ૧૫/૦૧/૨૦૨૬ ના ૪ થી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પ્રેમાબેન ભવાનજી ભાણજી નાગડા ગામ ભોજાય તથા સુશીલાબેન સુરેશ વીરજી મારૂ ગામ હાલાપુર તરફથી (૬) રૂ. ૪૧૦૦/- કચ્છ ગામ ગઢસીસાની ચિ. પ્રણાલી ચંદ્રેશ મોરારજી વિસરીયા ના તા.૨૬/૦૧/૨૦૨૬ જન્મદિવસ નિમિત્તે -ગઢસીસા (૭) રૂ. ૪૧૦૦/- કચ્છ ગામ ગઢસીસાના સ્વ. લક્ષ્મીચંદ હીરજી ગડા ની બીજી પુણ્ય તીથી તા. ૨૭/૦૧/૨૦૨૬ નિમિત્તે દાતાશ્રીઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લી. ટ્રસ્ટીઓ શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક - ૯૪૨૮૬૮૨૫૩૯ મુંબઈ - ૭૬૬૬૧૨૨૨૧૮

2/1/1(23) -------- (A-20804)(2-5)

**'સ્વાદ શક્તિ' પાવડર - જે દૂધને આપે પ્રાકૃતિક સ્વાદ અને શરીરને શક્તિ**

ઉર્જા આયુર નિર્મિત ૧૪ આયુર્વેદિક જડીબુટી યુક્ત સ્વાદ શક્તિ પાવડર, દૂધને આપે પ્રાકૃતિક સ્વાદ અને શરીરને શક્તિ. 'એક ચમચો દરરોજ, સ્વસ્થ રહો, અને કરો મોજ.' નાના છોકરા, યુવાન, સ્ત્રી, વૃદ્ધ બધા એનો ઉપયોગ કરી શકે છે.

● સ્વાદ શક્તિ પાવડરમાં ૧૪ જડીબુટીઓ છેઃ (૧)બ્રાહ્મીઃ બુદ્ધિના વિકાસમાં મદદ કરે (૨) ગુળવેલઃ રોગ પ્રતિકારક શક્તિ વધારે (૩-૪) હિમેજ અને મુસ્તાઃ રસાયણ કાર્ય કરે (૫) પિપ્પરામૂળઃ પાચક (૬)અનંતમૂળ (સારિવા): લોઈ શુદ્ધ કરે (૭)અતિબલાઃહાડકાને મજબુતી આપે (૮)જેષ્ટિમધઃ શ્વાસ પ્રણાલીની રક્ષા કરે (૯)ગોખરુઃ કિડનીની પ્રક્રિયા વ્યવસ્થિત રાખે (૧૦)સુંઠઃ પાચક, ભૂખ સુધારે (૧૧)અશ્વગંધાઃ શરીરને તાકાત આપે અને માનસિક તાણ ઓછી કરે (૧૨)પુનર્નવાઃ નવા શરીર કોષ બનાવવામાં પ્રેરક (૧૩) શતાવરીઃ શક્તિ દાયક (૧૪)સીતા (ખડી સાકર) : બલ્ય, જીવનીય.

● સ્વાદ શક્તિમાં ચોકલેટ નથી. ૧૦૦% આયુર્વેદિક છે. સારિવા નામના જડીબુટીનું પ્રાકૃતિક સ્વાદ છે જે નાના છોકરા - યુવાન- વૃદ્ધ બધાને ગમે છે.

● માત્રાઃ રોજ સવારે ભૂખ લાગી હોય ત્યારે દૂધ સાથે / દૂધ વગર એક ચમચો ડાયરેક્ટ લઈ શકાય. સ્વાદ શક્તિ પાવડર-૨૦૦ ગ્રા ૨૫૮ રૂ.; ૫૦૦ ગ્રા. ૫૧૬ રૂ.; ૧ કિલો ૯૫૬ રૂ.

● અન્ય ઉત્પાદન : (૧) ઉર્જા ઈઝી ગોળીઓ - કબજિયાત માટે (૨) ''ઉર્જા આરામ ઓઈલ''- દુખાવા માટે (૩) ઉર્જા ગો-કફ ચાટણ અને કાઢો (કફ-શરદી માટે) (૪) ''હિંગ્વાષ્ટક (H8) ટેબ્લેટ્સ'' - પાચન માટે શ્રેષ્ઠ (૫) ''શુદ્ધ ભૃંગરાજ તેલ'' : વાળ માટે ઉત્તમ (૬) ''ઉર્જા ડી-વિન લિક્વિડ'' : ડાયાબિટીસનાં લક્ષણોમાં અસરકારક દવા (૭) ''શુદ્ધ ઉર્જા ચ્યવનપ્રાશ'' (૮) પાઈલ્સ ના લક્ષણો માટે ''પાયલોર્જા ટેબ્લેટ''

● આ બધા ઉત્પાદનો સરકારી માન્યતા પ્રાપ્ત ઉર્જા અયુરના કારખાનામાં દવા નિર્મિતિ ના કાયદાઓનું પાલન કરીને ચોખ્ખાઈ થી બનાવવામાં આવે છે.

● ઉર્જા આયુરનાં ઉત્પાદન મુંબઈ અને દેવલાલીમાં ઉપલબ્ધ. ૨૫૦ રૂ. થી ઉપરના ઓર્ડરપર મુંબઈમાં અને ૫૦૦ રૂ. થી ઉપરનાં ઓર્ડરપર સમસ્ત ભારતમાં ફ્રી-હોમ-ડિલિવરી ની સુવિધા ઉપલબ્ધ. દવાઓ ઘરે મંગાવવા અથવા તમારા નજીકના દુકાનના એડ્સ મેળવવા; હમણાં સંપર્ક કરો આયુર્વેદિક વૈદ્ય. ડો. જય રીટાબેન ઉદયભાઈ સાવલા - વોટ્સએપ :૯૮૨૦૮૮૭૭૨૯; ફોન : ૯૦૦૪૭૪૭૪૨૦, ગામ રામાણીયા- હાલે નાસિક.

2/1/1(18) -------- (B-20809)(1-5)

**માણસ જોઈએ છે**

થાણામાં આવેલ અનાજની દુકાન સંભાળી શકે એવા વિશ્વાસુ માણસની જરૂર છે. આકર્ષક પગાર ખાત્રી જરૂરી. વય મર્યાદા ૨૫ થી ૪૫. તુરંત સંપર્ક જુબિન ગોસર મો.: 9819664666.

2/1/1(27) -------- (B-20798)(1-5)

**કુંદરોડીના શેઠશ્રી ગોસર સવા છેડાની ગૌરવ ગાથા, અનુમોદના**

દાનવીર શેઠશ્રી ગોસર સવા છેડાએ આસરે ૯૦ વરસ પહેલા કુંદરોડી ગામે સ્વખર્ચે ચબુતરો બનાવી મહાજનશ્રીને અર્પણ કરેલ,

● કચ્છનું ૨૫૦૦ વરસ પ્રાચીન વસઈતીર્થ ભદ્રેસર તા.મુદ્રામાં ૨૦૦૧ ના ભુકંપ પહેલા ભોજનાલય, અતિથિગૃહ, જિનાલયમાં શ્રી ગોસર સવા અને કુંદરોડીના ઘણા દાતાઓ ના નામ મેં નિહારેલ છે.

● શેઠશ્રી વસનજી ગોસર છેડાએ ૨૦૦૩માં નવું ચબુતરો બનાવી મહાજનશ્રીને અર્પણ કરેલ.

● શેઠશ્રી હરીલાલ અત્યંત સાદાઈથી રહેતા અને ગુપ્તદાન કરતા. હેમકુંવરબેન હરીલાલ ગામમાં માતાજી ના મંદિર માં પણ સારી રકમ અર્પણ કરેલ. હાલમાં તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ ના બીહાર રાજ્ય માં પાવાપુરી નગરી ના જલમંદિરના જીર્ણોદ્ધાર માટે ૨૪ તીર્થંકરની પ્રતિમા બીરાજમાન કરવા શ્રીમતી હેમકુંવર હરીલાલ છેડા પરિવારજનોએ આપણા ૨૪ માં તીર્થંકર મહાવીર સ્વામીજી ની પ્રતિમાને બિરાજમાન કરાવી. તા.૨૬/૦૧/૨૬ ના શ્રી ગોસર ભાઈના પરિવારજન જિનય અલ્પેશ છેડા એ ભગવતી દિક્ષા અંગીકાર કુંદરોડી નગરે કરી જિનયજી મુનીરાજ નામ ધારણ કરેલ છે.

● શ્રી હરેશભાઈ અને સરલાબેન પણ કુળદેવી માવડી અને ગુરૂદેવ શ્રી દિનેશ મુનિરાજ ના દર પૂનમે દર્શનાર્થે જાય છે. અને શ્રી પરેશભાઈ, ચંદનબેન, દિકરી પૂજા (પુણે) પણ શ્રી જીરાવલા પારસનાથજી અને માવડી કુળદેવીમાં અસીમ શ્રધ્ધા ધરાવે છે.

● સરલાબેનજી મહાસતી નીલાશ્રી ના સંસારપક્ષે ભાણેજી થાય. સરલાબેને કુંદરોડી નગરે પ્રભુજીના પંચકલ્યાણકમાં પ્રીયવંદાશ્રી બનીને રાજદરબારને મંત્રમુગ્ધ કર્યા હતા.

● એવાશ્રી ગોસર સવા છેડા ની ખૂબ ખૂબ અનુમોદના. લી.હીરાવતી અને કિશોર ભીમશી ગંગર કુંદરોડીવાળા ના પ્રણામ, જય ભારતમા.

2/1/1(15) -------- (B-20793)(2-10)

**શ્રી ગુંદાલા સ્થા. આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ**

સર્વે સંઘના શ્રાવક-શ્રાવિકાઓને જણાવવાનું કે પરમ પૂજ્ય આચાર્ય શ્રી મુલચંદજી સ્વામી તથા પદવીધર પૂ.મ. નીનાબાઈ સ્વામીની અસીમકૃપાથી આપણને તા. ૧૨/૪/૨૬ થી તા. ૧૫/૫/૨૬ સુધી મ. ચંદ્રિકાબાઈ સ્વામી, મુ. દુલારીબાઈ સ્વામી, મ. દર્શનાબાઈ સ્વામી આદી ઠાણા (૩)નો જોગ પ્રાપ્ત થયેલ છે. તેમ જ તા. ૧૬/૫/૨૬ થી ૧૦/૬/૨૬ સુધી પરમ પૂજ્ય આચાર્યશ્રી નાનાલાલજી સ્વામી, મ. ભાવિકજી સ્વામી, મ. હર્ષજી સ્વામી, મ. તેજજી સ્વામી, મ. જીનયજી સ્વામી આદી ઠાણા (૫)નો જોગ પ્રાપ્ત થયેલ છે. સર્વેએ અનુકુળતાએ વ્યાખ્યાનવાણી, સુપાત્રદાન, સત્સંગ - જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં વધારો કરવા - લાભ લેવા નમ્ર વિનંતી. આ સળંગ જોગ (૫૮ દિવસ) દરમ્યાન માતુશ્રી સરલાબેન વસનજી શામજી દેઢિયા 'વિશ્રાંતી'ના બ્લોકોના વપરાશ માટે તેમજ માતુશ્રી લક્ષ્મીબેન શામજી જાદવ દેઢિયા - 'ડોરમેન્ટરી'ના વપરાશ માટે (માસિક ભાડું રૂા. ૩૦૦૦/- બે ટાઈમ ચા-પાણી નાસ્તો તથા ભોજન, કપડા ધોવાની સગવડ) માટે સંપર્ક શ્રી પોપટભાઈ વીસરીયા (મો.: ૯૨૨૧૪૩૭૫૦૩) આપના નામો નોંધાવશો. તા. ૦૮/૦૨/૨૬ના બ્લોકો ફાળવવામાં આવશે. લિ. સંઘપતિશ્રી શરદ રામજી દેઢિયાના જય જિનેન્દ્ર.

2/1/1(14) -------- (A-20794)(1-5)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્દભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# પ્રાર્થના સભા



કચ્છ
રતાડીયા ગણેશ

મુંબઈ
વરલી

# શ્રી જયંતિલાલ કલ્યાણજી ગંગાજર ભગત (ગાલા)

જીવનયાત્રા : તા. ૨૦-૧૦-૧૯૪૯ થી તા. ૩૧-૧-૨૦૨૬ ઉ.વ. ૭૭





પ્રબળ પુરુષાર્થ અને નિતીમત્તા વડે યશસ્વી જીવન કારકીર્દી નું નિર્માણ કરતાની સાથે કુટુંબપ્રેમી, પરોપકારની ભાવના,
દયા-કરૂણાભાવને હૃદયસ્થ રાખીને સત્કાર્યોમાં મૂકભાવે સહયોગી બનનારા, નમ્ર-મિલનસાર સ્વભાવી,
પરિવારના સ્નેહમૂર્તિની વસમી વિદાયે એમની સ્મૃતિઓ નજર સમક્ષ તરવર્યા કરે છે,
યાદ આવે છે અને આંખો ભીંજાયા કરે છે.
એમના જીવનમૂલ્યોને પ્રજવલિત રાખવા શક્તિમાન બની રહીએ
એજ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ હેતના હિમાલયરૂપી 'જયંતિલાલભાઈ' ના આત્મા પ્રતિ શ્રધ્ધા

**જીવનસંગીની : કંચનબેન જયંતીલાલ ભગત**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | માતુશ્રી ઊમરબાઇ ગંગાજર વીરજી ભગત (ગાલા). . રતાડીયા ગણેશ |
| નાની-નાના | : | માતુશ્રી મુરીબાઇ વજપાર ભોજા છેડા . . . . . . . . . . . . . . . લુણી |
| માતા-પિતા | : | માતુશ્રી મણીબેન કલ્યાણજી ગંગાજર ભગત. . . . . રતાડીયા ગણેશ |
| સાસુ-સસરા | : | માતુશ્રી વેલબાઇ ઊમરશી પુજા છેડા . . . . . . . . . . . . . . . વડાલા |

## પ્રાર્થના સભા : મંગળવાર, ૩-૨-૨૦૨૬ બપોરે ૩.૦૦ થી ૪.૩૦

**સ્થળ : યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિરની બાજુમા, દાદર(ઈસ્ટ).**

વેલે પાર્કીંગ : ૧) યોગી સભાગૃહ ૨) મુંબઇ નાશિક ટેક્ષી સ્ટેન્ડ પાસે ઉપલબ્ધ રહેશે.
(યોગી સભાગૃહ રોડનું સમારકામ ચાલુ હોવાથી)

(CLC-20844)

ભક્તિ ગીત : પ્રીતી શાહ અને સાથી કલાકારો

BINITA S. MARU - 9869034162

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎ www.kvoss.org

**તા. ૨ ફેબ્રુઆરી – સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

ચિ. વિનીતનાં જન્મદિન પ્રસંગે શ્રીમતી પ્રીતિ કેતન રતનશી ગાલા (કાંડાગરા) તરફથી.

● સ્વ. શ્રી ગોવિંદજીભાઈ કાનજીભાઈ દેઢિયાનાં સ્મરણાર્થે હસ્તે વિનોદ અને તુષાર ગોવિંદજી દેઢિયા (નાનીખાખર) તરફથી.

● પૌત્ર દિયાન વિક્રમ મહેન્દ્રનાં જન્મદિવસ નિમિત્તે દાદી જયાબેન મહેન્દ્ર સાવલા (કોડાય) તરફથી.

● સ્વ. માતુશ્રી રાજબાઈ માવજી ડુંગરશી દેઢિયા (કોડાય)ની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પુત્રી મણીબેન રામજી લાપસીયા (કોડાય) તથા સ્વજનો તરફથી.

● સ્વ. શ્રી હિરજી પચાણ ગાલા (કોટડા રોહા)ની પુણ્યતિથિ નિમિત્તે માતુશ્રી દેવકાંબેન હીરજી પચાણ ગાલા પરિવાર તરફથી.

● શ્રી તનસુખલાલ મોરારજી કક્કાનાં સ્મરણાર્થે માતુશ્રી સાકરબેન મોરારજી કક્કા (વાંકી) પરિવાર તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ 80-G બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(16) -------- (A-20792)(6-1)

**તા. ૩ ફેબ્રુઆરી–સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી કરમશી પુનશી ગંગરની પુણ્યસ્મૃતિ નિમિત્તે શ્રી નેમજી કરમશી ગંગર પરિવાર (કાંડાગરા) તરફથી.

● સ્વ. શ્રી લાલજી માલશી નાગડાની પુણ્યતિથિ નિમિત્તે શ્રી વલ્લભજી લાલજી નાગડા (સણોસરા) તરફથી.

● માતુશ્રી અનસન વ્રતધારી અમૃતબેન કુંવરજી શાહ (ધરોડ) (K. K. SHAH)ની પુણ્યતિથિ નિમિત્તે, હસ્તે શ્રીમતી ઝવેરબેન કે. શાહ (J. K. SHAH) (ધરોડ) (પત્રીવાલા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ 80-G બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(17) -------- (A-20791)(6-2)

**ખૂબ વખણાયેલ સાંગલીનાં ડિંક લાડું રૂા. ૪૩૦માં કિ. સાથે ચેવડાં, ભડંગ, ખાખરા ઘરબેઠા**

શેકેલા ગુંદરનો બારીક ભુકો, ગોળ, ખોપરો, અશેરીયો, ખજુર, દેશી ઘીમાંથી બનેલાં સાંગલીના ફેમસ ડિંક પ્રોટીન લાડું રૂા. ૪૩૦ માં કિ. મળશે. સાકર કે પાણીનું કોઈ ભાગ ન હોવાથી અને માવા - ખસખસ વગર બનતાં હોવાથી આ લાડું ૩-૪ અઠવાડીયા ટકે છે. સોલાપુરી સિંગદાણાની જૈન ચટણી ૩૮૦ કિ., જૈન ભડંગ ભેળ ૩૪૦ કિ., જૈન મિસળ ફરસાણ ૨૫૦ કિ., ૪ પ્રકારના ચેવડા, ૨ પ્રકારના ગાંઠીયા, સેવ, ખારી બુંદી, સકર પારા (મીઠાં) બધાના ૨૯૦ કિ., કોલ્હાપુરી જૈન કચોરી, મીની ભાખરવડી, પીળા કેલા વેફર, ૪ પ્રકારની ચકરી, બટાટા ચેવડો, ૧૦ પ્રકારના ખાખરા, અથાણા, સેલમ હલ્દી પાવડર, સોનપાપડી, વગેરે ઘણું આ જ ભાવે ફ્રી હોમ ડિલીવરી મળશે. વોટ્સઅપમાં ભાવ સાથેનું ફુલ લીસ્ટ મળી શકશે. ઓર્ડર માટે - મિલન સતરા - 9890628266.

2/1/1(32) -------- (B-20814)(6-3)

## આભાર

ગામ કચ્છ ભોજાય હાલે સાંગલી ના અમારા પરિવારના મોભી શ્રી સુરેશ ગણશી ગાલા ની તબિયત તા.૩૦/૦૧/૨૦૨૬ શુક્રવારે કચ્છ ભુજ મધ્યે એકદમ અચાનકથી બગડી જતા ભુજ સ્થિત જીકે જનરલ અદાણી હોસ્પિટલ માં સારવાર માટે તાત્કાલિક અને પ્રોપર વ્યવસ્થા કરવા માટે ભુજ લાયન્સ ક્લબના મેડિકલ ચેરમેન મનસુખભાઈ જેવત ભાઈ નાગડા, ગામ દેવપુરના વ્રજેશભાઈ ગાલા (સાંગલી) ભુજ ના અલ્પા બેન તથા હિમાંશુભાઈ દેઢિયા, લક્ષ્મીકાંત ભાઈ પ્રેમજી કારાણી શેરડી તેમજ જીકે જનરલ હોસ્પિટલ ના ડોક્ટરોની ટીમ ના ડો ધ્રુવી શાહ ડો ભૂમિકા વેલારી તેમજ સ્ટાફ અને લાયન્સ ક્લબ ભુજના અભય શાહ, ચંદ્રકાંતભાઈ સોની, હિરજીભાઈ વરસાણી, વિજયભાઈ માંડલિયા, શૈલેષભાઈ રાવલ, સ્નેહલભાઈ ઝવેરી તેમજ ભોજાયના જસ્વીન ભાઈ નાગડા તેમજ ભુજ માનવ જ્યોત સંસ્થા ના પ્રબોધ ભાઈ મુનવર તેમજ એમ્બ્યુલન્સ સ્ટાફના સભ્યો અને રોટરી ક્લબ ભુજ સંચાલિત ખારી નદી સ્મશાન ગૃહ કર્મચારી કાનાભાઈ તેમજ અમારી આ દુઃખદ ક્ષણો માં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી થનાર સર્વે નો ગામ ભોજાયના ખેતબાઈ ગણશી રવજી ગાલા (સાંગલી) તથા ડુમરાના મુલબાઈ મુરજી હીરજી હરીયા પરિવાર (થાણા મુંબઈ)વતીથી સૌનો અંત કરણ પૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ

2/1/1(35) -------- (B-20825)(6-4)

**ધરતીનું સ્વર્ગ કાશ્મીર કાશ્મીર**

સુરીશ્વરોની દિવ્ય કૃપાએ સ્વતંત્ર રસોડું પ્રત્યેકનાં ૩૨૫૦૦ જેમાં અમૃતસર, ગોલ્ડન ટેમ્પલ જલીયાવાલા બાગ, મારકીટ જૈન મંદીર વાઘા બોર્ડર, જમ્મુ, કટરા માતા વૈષ્ણોદેવી પહેલગામ, ચંદનવેલી, અરૂવેલી, બેતાબવેલી, ગુલમર્ગ, સોનમર્ગ, શ્રીનગર, તુલીપ ગાર્ડન, નિશાન ગાર્ડન. ટીકીટો ૬૦ દિવસ અગાઉ મળેલ છે. ૧૯-૩, ૧-૪, ૧૪-૪ અને ૯-૫-૨૬. નાની સંખ્યા મોટી ધમાલ ગ્રુપ આવકાર્ય. ૯૦૨૯૨૭૩૯૭૦ વાસંતી શાહ, ૯૯૨૦૩૫૨૩૭૯. લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરશી ગડા.

4/1/1(31) -------- (B-20816)(6-5)

**સ્વચ્છ અને તાજા ચક્કી આટા સ્વચ્છ અને સપુર્ણ અનાજમાંથી તાજા પીસેલા ચક્કી આટા**

પ્રતિ કિલો ભાવ : ઘઉં આટા - રૂા. ૫૫ જુવાર આટા - રૂા. ૭૦ બાજરી આટા - રૂા. ૭૦ ચોખાનો આટા - રૂા. ૭૦ ચણા આટા - રૂા. ૧૩૦ અને વધુ પ્રકારના આટા ઉપલબ્ધ છે. ઓર્ડર પછી ૩ દિવસમાં મફત ઘર ડિલિવરી સફાઈના પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે. લિક્વિડ ડિશવોશ કપડાં ધોવાના લિક્વિડ,ફિનાઈલ,કપૂર ફિનાઈલ,ટોયલેટ ક્લીનર અને અન્ય ઘણા પ્રોડક્ટ્સ. કલ્પના ગંગર-9167763636, 9224143636.

4/1/1(33) -------- (B-20829)(6-6)

**અંધેરી (વેસ્ટ) 2 BHK વેચાણથી**

૫૬૫ કારપેટ + ૬૩ કવર્ડ ગેલેરી, સ્ટીલ પાર્કીંગ વેલ મેન્ટેન ફુલ્લ ફર્નિશ્ડ, એ.સી. ફ્રીજ વોશીંગ મશીન, ઓવન, ઈસ્ટ વેસ્ટ ઓપન. ઓ. સી. પ્રોસેસ ચાલુ. ૧૫ વર્ષ જુની લીફ્ટવાળી બીલ્ડીંગ નીયર અપના બજાર, મેટ્રો સ્ટેશન અને જૈન મંદિર. No Brokerage. Mr. Gala-9892048249.

4/1/1(36) -------- (B-20824)(6-7)

**શ્રી સૈયા ભાવિક મંડળ ટ્રસ્ટ-ગેલડા (મુંબઈ)**
**આભાર - અનુમોદના- ક્ષમાયાચના**

તા. ૪/૧/૨૦૨૬ રવિવારના કુર્લા મહાજનવાડી ખાતે આયોજીત સૈયા ભાવિકોની સમુહ પહેડીનો સંપૂર્ણ લાભ માતુશ્રી જેઠીબાઈ નથુ રામા સૈયા સમસ્ત પરિવાર-મોખા એ લીધેલ છે. આ સમસ્ત પરિવારનો શ્રી સૈયા ભાવિક મંડળ ટ્રસ્ટ ખુબ ખુબ આભાર માને છે. આ સંપૂર્ણ આયોજન દરમ્યાન દાતાશ્રી પરિવાર, આમંત્રીત મહેમાનો, સૈયા ભાવિકોને કોઈ તકલીફ થઈ હોય તો શ્રી સૈયા ભાવીક મંડળ ટ્રસ્ટ તરફથી મિચ્છામી દુક્કડ્મ. તા.ક. ઈ.સ. ૨૦૨૭ ની પૂજ્ય સચ્ચા માતાજીની પહેડીના દાતા આવકાર્ય છે. વધુ માહિતી માટે શ્રી રૂષભ સૈયા મો.નં. 7738364477 પર સંપર્ક કરવા વિનંતી. લિ. સૈયા ભાવિક મંડળ ટ્રસ્ટ.

2/1/1(5) -------- (B-20822)(6-8)

**શ્રી ચેકનાકા વાઘલે એસ્ટેટ વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ**

શ્રીમાન ગાભુભાઈ મેકણભાઈ બૌવા જૈન ધર્મસ્થાનક ચુંટણી અંગેની જાહેરાત ૩ ટ્રસ્ટીઓ તથા ૧૨ કારોબારી સભ્યો માટે ૧.૪.૨૦૨૬ થી ૩૧.૩.૨૦૨૮ સુધી ચુંટણી કરવી. (૧) ૮.૨.૨૦૨૬ રવિવારે બપોરના ૩ થી ૫ ચુંટણી યોજવામાં આવેલ છે. (૨) જે સભ્યોએ ઉપરોક્ત ચુંટણીમાં ઉમેદવારી કરવી હોય તેમણે તા. ૪.૨.૨૬ તથા ૫.૨.૨૬ ના ૧૦ થી ૧૧ ઉપાશ્રયમાં જાતે આવીને ફોર્મ લેવા આવવું પડશે. (૩) ફોર્મ ભરીને પાછું તા. ૫.૨.૨૬ તથા ૬.૨.૨૬ સવારનાં ૧૦ થી ૧૧ ઉપાશ્રયમાં આપવાના રહેશે. (૪) ઉમેદવારી પત્રક પાછું ખેંચવાનું લેખિતમાં તા. ૭.૨.૨૬ના ઉપાશ્રયમાં ૧૦ થી ૧૧ આપવાનું રહેશે. (૫) ઉમેદવારી પત્રકની ચકાસણી તા. ૭.૨.૨૬ના રાતના ૯.૩૦ કારોબારી કમિટી તથા ઉમેદવારોની હાજરીમાં કરવામાં આવશે. (૬) ચૂંટણી અધિકારી તરીકે કીરણ નંદુ C.A. ની વરણી કરવામાં આવેલ છે. લિ. મંત્રીઓ.

2/1/1(37) -------- (A-20823)(6-9)

**બાડા ગામવાસી ભાઈ–બહેનો જોગ**

જે કોઈ ગામવાસી ભાઈ-બહેનો ને શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન મહાજન - બાડા ના આજીવન સભ્ય (૧૮ વર્ષ ની ઉપરના) બનવું હોય તેમણે રૂપિયા ૧૦૧/- મહાજન ની ઓફિસ માં બપોરે ૧૨ થી ૬ દરમ્યાન ભરી રસીદ મેળવી લેવા વિનંતી. અડ્રેસ : ગાલા પોલી પ્લાસ્ટ, ૨૧૪, બીજે માળે, સંત જલારામ બાપ્પા માર્કેટ, ઓસવાલ સુપર માર્કેટ ની સામે સેવારામ લાલવાણી રોડ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૮૦. અથવા બાડા ગામે સ્થાનિક ઓફિસ માં ભરી શકાશે. અથવા નીચે આપેલ ગુગલ ફોર્મ ની લિંક માં ફોર્મ ભરી, પેમેન્ટ કરી એનો સ્ક્રીન શોટ 9324197204/9322299846 માંથી કોઈ પણ એક નંબર પર પોતાના નામ સાથે શેર કરી દેવા વિનંતી ગુગલ ફોર્મની લિંક https://forms.gle/oFZmvFRan9Xar8SC6 જેમણે પોતાની મેમ્બરશિપ ની માહિતી જોઈએ તેમણે ઉપર આપેલ નંબર પર આપનું નામ લખી ફક્ત વોટ્સએપ્પ કરવો (નો કોલ્સ) તમને ચેક કરી વહેલી તકે જવાબ આપવામાં આવશે. લિ. મંત્રીઓ

2/1/1(34) -------- (A-20828)(6-10)

**શ્રી પ્રતાપુર જૈન મહાજન ગામ રક્ષક શાહ બુખારી પીરની સાર્વજનિક પહેડી**

આપણાં ગામ પ્રતાપુરના ગામ રક્ષક શાહ બુખારી પીર ની સાર્વજનિક પહેડી મુંબઈમાં રવિવાર, તા. ૨૨.૦૨.૨૦૨૬ ના સવારે ૧૦.૦૦ વાગ્યે થી ૨.૦૦ વાગ્યા સુધી યોગી સભાગૃહ દાદર મધે રાખેલ છે. પહેડી-પ્રસાદ સવારનાં ૧૧ વાગ્યે ચડાવવા માં આવશે. પહેડી-પ્રસાદ ચઢાવ્યા બાદ શ્રી પ્રતાપુર જૈન મહાજન ની મીટિંગ લેવામાં આવશે. આપનાં સલાહ સુચન આવકાર્ય છે. એની નોંધ લઈ સર્વ ગામવાસીઓ, નિયાણી બહેનો ને સહકુટુંબ પધારવા નમ્ર વિનંતી. લિ. કુંવરજી શીવજી વોરા પ્રમુખ શ્રી પ્રતાપુર જૈન મહાજન.

4/1/1(7) -------- (B-20837)(6-11)

**શ્રી વિનયેન્દુ સ્થા. જૈન સંઘ ચારકોપ-કાંદીવલી**

